# 11. पृथुचरितम्

[**પ્રસ્તાવના :** વ્યાસની રચના મનાતાં અઢાર પુરાણોનું સંસ્કૃત સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન છે. પુરાણનું વિષયગત લક્ષણ આપતાં જણાવાયું છે કે પુराणं पञ्च लक्षणम्। અર્થાત્ પુરાણનાં પાંચ લક્ષણ છે. જેમકે - સર્ગ (સૃષ્ટિની ઉત્પત્તિનું વર્ણન), પ્રતિસર્ગ (સૃષ્ટિના પ્રલયનું વર્ણન), વંશ (સૂર્યવંશ અને ચંદ્રવંશમાં થયેલા રાજાઓની યાદી), મન્વન્તર (મન્વન્તર એટલે કે બે મનુઓના અસ્તિત્વના સમયગાળામાં ઘટેલી ઘટનાઓનું વર્ણન) અને વંશાનુચરિત (જે તે વંશમાં થયેલા કેટલાક પરાક્રમી રાજાઓના ચરિતનું વર્ણન).

ભારતીય પ્રાચીન પરંપરાઓ અને ઇતિહાસની જાણકારી માટે પુરાણસાહિત્યનો અભ્યાસ આવશ્યક છે. વળી, સામાન્ય જનમાનસ પુરાણનો સ્વાધ્યાય કરીને તેમાં વર્ણિત મહાનુભાવોનાં જીવનને જાણી શકે છે અને તે પ્રમાણે પોતાનું જીવન બનાવવાની અને તે પ્રમાણે જીવવાની પ્રેરણા પ્રાપ્ત કરે છે.

મત્સ્યપુરાણમાં આવતા પૃથુચરિતના આધારે આ પાઠ સંપાદિત કર્યો છે. પુરાણોમાં ભૂમિનું દોહન કરીને અન્નની પ્રાપ્તિનો સર્વપ્રથમ ઉપક્રમ કરનાર રાજા તરીકે પૃથુનો નિર્દેશ છે. ભૂમિનું દોહન એટલે કૃષિકર્મ. આમ, કૃષિકર્મના પુરસ્કર્તા તરીકે પુરાણોએ જે રીતે પૃથુચરિતનું વર્ણન કર્યું છે, તેનો મર્મ સમજવા જેવો છે. અહીં ભૂમિને ગાયના રૂપે અને પૃથુને દોહનાર રૂપે વર્ણવવામાં આવ્યા છે. આ દોહન ક્રિયાની પાછળ રહેલો આશય પ્રસ્તુત પાઠના કેન્દ્રમાં છે.]

---

स्वायम्भुवस्य मनोः वंशे अङ्गनामकः राजा अभवत्। सः दयालुः धर्मनिरतः च आसीत्। तस्य वेननामकः पुत्रः समभवत्। सः क्रूरः अधर्मनिरतः च आसीत्। तेन यज्ञ-दानादीनि सत्कर्माणि निषिद्धानि। दुर्जनाः सत्कारिताः सज्जनाः च दुष्कारिताः। फलतः चौरादीनां प्रवृत्तिः सर्वत्र प्रवर्तिता। सज्जनानां धनं धान्यं च दुर्जनैः परिहृतम्। यज्ञ-कर्माभावे दुर्भिक्षः प्रावर्तत। भूतलं यज्ञदानरहितं निर्धर्मं च सञ्जातम्।

अस्यां दुरवस्थायां प्रजारक्षणार्थम् ऋषयः प्रवृत्ताः। तैः वेनो दण्डितः, मारितश्च। तदनन्तरम् ऋषयः तस्य पृथुनामकं पुत्रं राज्यासने प्रस्थापितवन्तः। पृथुः दयालुः धार्मिकः च आसीत्। वेनस्य शासने पीडिताः प्रजाः अभिषिक्तं तं धार्मिकं पृथुम् उपतस्थुः। क्षुधार्तायाः प्रजायाः परिपालनाय धान्यमपेक्षितमासीत्। भूतलं यज्ञदानरहितं निर्धर्मं च आसीत्। तादृशं भूतलं दृष्ट्वा पृथुः तं दग्धुम् उद्यतः अभवत्। ततः इयं भूः गोरूपमास्थाय पलायितुमुद्यता। पृथुः तस्याः पृष्ठतः अनुगतः। अन्ते एकदेशे स्थित्वा किं करोमीति भूमिः अब्रवीत्। पृथुः अपि स्थावरस्य चरस्य च ईप्सितं देहि इति तामब्रवीत्। भूः तथास्तु इत्युक्त्वा तत्रैव स्थिता। तां गोरूपां स्थिता भूमिं पृथुः दुदोह। अस्मिन् दोहनकर्मणि अन्नरूपं प्रभूतं दुग्धं प्राप्तम्। तेन अन्नेन पृथुना प्रजाः संरक्षिताः अनुरञ्जिताः च।

एवंप्रकारकं पृथुचरितं पुराणेषु वर्णितमस्ति। वस्तुतः इदमेकं रूपकमस्ति। तदनुसारं राजा गोपालः, भूतलं गौः, दोहनं कृषिकर्म, दुग्धम् च अन्नम् अस्ति। अर्थात् पृथुरूपः गोपालः भूतलरूपां गां कृषिकर्मणा दुदोह। अस्मिन् दोहनकर्मणि अन्नरूपं दुग्धं च प्राप्तवान्।

अस्य रूपकस्यायं सन्देशः - यथा गोपालः स्वकीयां गां प्रेम्णा परिपालयति, परिपालितां च गाम् असौ प्रातः सायं चेति नियतकालं नियतपरिमाणं च दोग्धि, तथा राजा अपि स्वकीयं भूतलं प्रेम्णा परिपालयेत्। परिपालितं च भूतलम् असौ शरदि वर्षायाम् चेति नियतकालं नियतपरिमाणमेव दुह्यात्। एवमेव कृषिकर्मणि प्रवृत्ताः प्रजाः अपि भूतलं तथैव परिपालयेयुः। परिपालितं च भूतलं नियतकालं नियतपरिमाणं च दुह्युः इति। यतो हि -

बहुधान्यप्रवृत्तोऽयं जनो लोलुपमानसः। न चेत्स भूतलं रक्षेत् हानिरेव भविष्यति॥
सस्यं कृषिश्च गोरक्ष्यं सर्व एव वणिक्पथः। भूतलेऽरक्षिते नित्यं नश्यत्येव न संशयः॥

## ટિપ્પણી

**स्वायम्भुवस्य मनोः** સ્વાયંભુવ નામના મનુના **धर्मनिरतः ( धर्मे निरतः - स.त. )** ધર્મમાં લાગેલા રહેનારા **समभवत् ( सम् + भू ह्य.भू. अ. ए.व. )** થયો **क्रूरः** નિર્દય **अधर्मनिरतः ( अधर्मे निरतः - स.त. )** અધર્મમાં લાગેલા **निषिद्धानि** મનાઈ કરવામાં આવેલાં (કાર્યો) **सत्कारिताः** સત્કાર કર્યો **दुष्कारिताः** અપમાન કર્યું, દુષ્કાર કર્યો **फलतः** પરિણામે **प्रवर्तिता**

પ્રવર્તિત થઈ, પ્રવર્તી **परिहृतम् ( परि + हृ + क्त > त कर्म.भू.कृ. )** ચોરી લીધું **दुर्भिक्षः** દુષ્કાળ (વરસાદ ન થાય, તો અન્ન પાકે નહિ. અન્ન પાકે નહિ તો ભિક્ષા મળે નહિ. માટે દુષ્કાળને માટે સંસ્કૃતમાં આ દુર્ભિક્ષ શબ્દ વપરાય છે. તેનો શાબ્દિક અર્થ છે - મુશ્કેલીથી ભિક્ષા પ્રાપ્ત થાય તેવો કાળ.) **प्रावर्तत ( प्र + वृत् ह्य.भू. अ. ए.व. )** પ્રવર્ત્યો, થયો **निर्धर्मम्** ધર્મ રહિત **दण्डितः ( दण्ड् + क्त > त क.भू.कृ. )** દંડ્યો **मारितः ( मृ ( प्रे. ) + क्त > त क.भू.कृ. )** માર્યો **प्रस्थापितवन्तः ( प्र + स्था + ( प्रे. ) क्तवत् > तवत् क.भू.कृ. )** સ્થાપ્યો, પ્રસ્થાપિત કર્યો **अभिषिक्तम् ( अभि + सिच् + क्त > त कर्म.भू.कृ. )** અભિષેક પામેલા (રાજા)ને (પ્રાચીન પરંપરામાં રાજા તરીકેની જાહેરાત થતાં પહેલાં એક વિધિ થતી. આ વિધિમાં રાજા થનાર વ્યક્તિને રાજસિંહાસન ઉપર બેસાડીને જલાભિષેક કરવામાં આવતો. જ્યાં સુધી જળાભિષેક ન થાય, ત્યાં સુધી જે તે વ્યક્તિને રાજાનું પદ મળેલું ગણાતું ન હતું.) **उपतस्थुः ( उप + स्था प. भू. अ. ब.व. )** ઉપસ્થિત થયો, હાજર થયો **क्षुधार्ताः ( क्षुधया आर्ताः - तृ. त. )** ભૂખથી પીડિત **दग्धुम् ( दह् + तुम् हे.कृ. )** બાળી નાખવા માટે **उद्यतः** તૈયાર **भूः** પૃથ્વી **गोरूपम् ( गावः रूपम् - ष.त. )** ગાયના રૂપને **आस्थाय ( आ + स्था + क्त्वा > य सं.भू.कृ. )** સ્થિત રહીને **पलायितुम् ( पलाय् + तुमुन् > तुम् हे.कृ. )** નાસી જવા માટે **उद्यता** તત્પર બની **अब्रवीत् ( ब्रू ह्य.भू. अ. ए.व. )** બોલી **स्थावरस्य** સ્થાવરના (જે એક જગાએ સ્થિર રહીને ઊભું હોય, (જેમકે - વૃક્ષ) તેને સ્થાવર કહે છે.) **चरस्य** ફરતા, વિચારણા કરતા **ईप्सितम्** ઇચ્છેલું, ચાહેલું **देहि ( दा आज्ञा. म. ए.व. )** આપ **गोरूपाम् ( गोः रूपम् यस्याः सा - बहु. )** ગાયનું રૂપ લીધું છે જેણે, એવીને **दुदोह ( दुह् प.भू. अ. ए.व. )** દોહી **रूपकम्** રૂપક, જેમાં અમુક બીજી કોઈ વસ્તુનો આરોપ કરવામાં આવ્યો હોય, તે (અહીં રાજા પૃથુમાં ગોપાલનો, ભૂમિમાં ગાયનો, દોહવાની ક્રિયામાં કૃષિકર્મનો અને દૂધમાં અન્નનો આરોપ કરવામાં આવ્યો છે.) **दोहनकर्मणि ( दोहनस्य कर्म, तस्मिन् - ष.त. )** દોહવાના કર્મમાં **नियतकालम् ( नियतः चासौ कालः, तम् - कर्म. )** ચોક્કસ કાળે **नियतपरिमाणम् ( नियतः चासौ परिमाणः, तम् - कर्म. )** ચોક્કસ માપમાં **दोग्धि ( दुह् वर्त. अ. ए.व. )** દોહે છે **परिपालयेत् ( परि + पाल् विधि. अ. ए.व. )** પાળવું જોઈએ **दुह्यात् ( दुह् विध्यर्थ अ. ए.व. )** દોહવી જોઈએ **दुह्युः ( दुह् विध्यर्थ अ. ब.व. )** દોહવી જોઈએ **यतो हि** કેમકે **बहुधान्यप्रवृत्तः ( बहु च तद्ः धान्यम् ( कर्म. ), बहुधान्याय प्रवृत्तः - च.त. )** ઘણું બધું અનાજ મેળવવા માટે **लोलुपमानसः ( लोलुपं मानसं यस्य सः - बहु. )** લોભી મનવાળો, લોભી **न रक्षेत् ( रक्ष् विधि. अ. ए.व. )** રક્ષા કરે નહિ **सस्यम्** અનાજ **कृषिः** ખેતી **गोरक्ष्यम्** ગોપાલન **वणिक्पथः** વ્યાપાર-વણજ **नश्यति ( नश् व. अ. ए.व. )** નાશ પામે છે, ખતમ થઈ જાય છે.

## સન્ધિ

वेनो दण्डितः (वेनः दण्डितः)। मारितश्च (मारितः च)। करोमीति (करोमि इति)। तथास्तु (तथा अस्तु)। इत्युक्त्वा (इति उक्त्वा)। बहुधान्यप्रवृत्तोऽयम् (बहुधान्यप्रवृत्तः अयम्)। जनो लोलुपमानसः (जनः लोलुपमानसः)। ततो हानिर्भविष्यति (ततः हानिः भविष्यति)। कृषिश्च (कृषिः च)। सर्व एव (सर्वः एव)। भूतलेऽरक्षिते (भूतले अरक्षिते)। नश्यत्येव (नश्यति एव)।

## સ્વાધ્યાય

**1. योग्यं विकल्पं चित्वा रिक्तस्थानानां पूर्तिः करणीया ।**

(1) पृथोः पितुः नाम ............... आसीत्।

(क) मनुः (ख) वेनः (ग) धर्मः (घ) वैनः

(2) वेनः ............... आसीत्।

(क) क्रूरः (ख) अक्रूरः (ग) दयालुः (घ) धर्मनिरतः

(3) ............... गोरूपम् अस्ति।

(क) आकाशम् (ख) वायुः (ग) भूतलम् (घ) जलम्

(4) गौः ............... दुह्यते।

(क) प्रातः (ख) सायम् (ग) एकदा (घ) प्रातःसायम्

**2. एकेन वाक्येन संस्कृतभाषया उत्तरं लिखत ।**

(1) अङ्गनामकः राजा कस्य वंशे अभवत् ?

(2) वेनेन के सत्कारिताः के च दुष्कारिताः ?

(3) क्षुधार्तायाः प्रजायाः परिपालनाय किम् अपेक्षितमासीत् ?

(4) दुर्जनैः केषां किं परिहृतम् ?

(5) पृथुः किंरूपां भूमिं दुदोह ?

**3. નીચેના પ્રશ્નોના માતૃભાષામાં ઉત્તર આપો :**

(1) વેન રાજા કેવો હતો ?

(2) પ્રજાની રક્ષા માટે ઋષિઓએ શું કર્યું ?

(3) પૃથુના રાજ્યાભિષેક સમયે પ્રજાની સ્થિતિ કેવી હતી ?

(4) રાજા પૃથુ ભૂમિને શા કારણે બાળવા માટે ઉદ્યત થયો ?

(5) દોહનક્રિયાની વિશેષતા સમજાવો.

**4. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) રાજા તરીકે પૃથુ

(2) ગાય તરીકે ભૂતલ

(3) પૃથ્વીની દોહનક્રિયા એટલે કૃષિ

•